For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ચૂંટણીનો બહિષ્કાર અંગેના બેનર લગાવતાની સાથે જ પોલીસે ઉતારી લીધા

# વાઘોડિયા રોડ પર 'પાણી અને રસ્તા નહીં તો વોટ નહીં'ના બેનર લાગ્યા




**જરૂરી સુવિધા** નહિ તો, વાઘોડિયા રોડ પાણી અને રસ્તો નહિ તો વોટ નહીં ના બેનર લાગ્યા

(પ્રતિનિધી) વડોદરા, તા.28

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર આવેલ બાપોદ પોલીસ સ્ટેશન પાછળની 12 જેટલી સોસાયટીના રહીશો દ્વારા 9 મીટરનો રોડ અને પાણી વધુ પ્રેશરથી આપવામાં આવે તેવી માંગ કરી છે. જો તેઓની માંગ નહીં સ્વીકારવામાં આવે તો આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર અંગેના બેનર લગાવતાની સાથે જ પોલીસે ઉતારી લીધા હતા અને સ્થાનિકોએ પોતાની સોસાયટીમાં જઈ આ સમસ્યા અંગે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.અને જો તેનો ઉકેલ નહીં આવે તો લોકસભાની ચૂંટણીમાં બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે.

શહેરના વાઘોડિયા રોડ બાપોદ પોલીસ સ્ટેશનની પાછળ આવેલી પર્ણછાયા, કમલાપાર્ક, દ્વારકેશ, પર્ણશિલ, આશ્રય, શ્યામલ રેસિડેન્સી, બંશરી વિગેરે 12 જેટલી સોસાયટીઓ સહિત અનેક સોસાયટીઓ આવેલી છે. આ સોસાયટીઓ ક્રિષ્ના કોમ્પ્લેક્ષથી સાનિધ્ય ટાઉનશિપ રોડ ઉપર આવેલી છે. આ રોડ 9 મિટરનો મંજૂર થયેલો છે. પરંતુ, કોર્પોરેશન દ્વારા અનેક રજૂઆતો કરવા છતાં, 9 મિટરનો રોડ આપવામાં આવ્યો નથી. સુત્રો જણાવે છે કે, હાલમાં કોર્પોરેશન દ્વારા સાનિધ્ય ટાઉનશિપથી ક્રિષ્ણા કોમ્પ્લેક્ષ સુધી નવો રોડ બનાવવાનુ શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ આ રોડ હયાત સાંકડા રોડ ઉપર જ બનાવવામાં આવી રહ્યો છે. તેની સામે વિરોધ નોંધાવ્યો છે. સ્થાનિકોની માગ છે કે આ રોડ પહોળો કરીને એટલે કે 9 મિટરનો મંજૂર થયેલ છે તે મુજબનો આપવા અમારી માંગ છે.

આ અંગે સ્થાનિક મહિલા ભારતીબેન મોદીએ જણાવ્યું હતું કે, અમારી માંગ 9 મીટરના રોડની છે કે જે હાઈવે ટચ થાય છે. આ રોડ મંજુર કરવામાં આવ્યો છે, તે શા માટે નાનો બનવવામાં આવે છે. આગળ ફરસખાના વાળા નાના રોડ પર પોતાના વાહનો મૂકે છે, અમારે ક્યાંથી જવાનું, અમારા વાહન તો નીકળતા નથી અને રોજ ઝઘડા થાય છે. સાથે પાણી જે પ્રમાણમાં પ્રેશરથી આવવું જોઈએ તે આવતું નથી.

અન્ય એક સ્થાનિક આગેવાન પિયુષ પટેલે જણાવ્યું હતું કે, અહીંયા અમે વર્ષ 2009થી રહેવા આવ્યા છીએ. અહીંયા આસપાસ કેટલીય સોસાયટીઓ બની સોસાયટીઓનું ડેવલપમેન્ટ થયું છે, પરંતુ અહીંયા સુવિધાઓ મળી નથી. વર્ષ 2009થી અમે અહીંયા પાણી અને રોડની માંગણી કરી રહ્યા છીએ. આ વિસ્તારમાં પાણીની લાઈન જેમ જેમ સોસાયટી બની તેમ તેમ તેમાંથી કનેક્શન આપવામાં આવ્યા છે, જેના કારણે હાલમાં આવતા પાણીમાં પ્રેશર યોગ્ય પ્રમાણમાં મળતું નથી. અમારા વિસ્તારમાં આવેલ આ રોડ કોર્પોરેશનના નકશામાં 9 મીટરનો છે, જ્યારે તે હાલમાં માત્ર ચાર મીટરની જ બનાવવામાં આવી રહ્યો છે. અમારી માંગણી એટલી જ છે કે અમને 9 મીટર નો રોડ કરી આપવામાં આવે પાણીનું યોગ્ય પ્રેશર મળે. જો અમારી માંગણી સ્વીકારવામાં નહીં આવે તો અમે લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરીશું.

### વડોદરામાં આજે બીજી જગ્યાએ લાગ્યા વોટના વિરોધમાં બેનર

વાઘોડિયા આજવા રોડ પર આજ રોજ પ્રાથમિક સુવિધા ના અભાવે અને વારમાં વાર એજ વિસ્તાર ના નેતા ઓ ને સોસાયટી ના રહીશો એ રોડ બનાવવા અને પાણી ના પ્રશ્નો માટે જાણ કરી હતી પણ જો કોઈ નેતા કાઉન્સિલર પણ આ સોસાયટી ની વાત સાંભળી હોત તો આજે આવો વિરોધ ના થાત. વારમ વાર રજૂઆત કરવા છતાં કાઉન્સિલર માત્ર દિલાસો આપી ને જાતાં રહે છે. આજે સોસાયટી ના રહીશો થાકી ગયા અને અંતે આજે રોડ રસ્તા અને પાણી નહિ તો વોટ નહીં ના બેનર લગાવી વિરોધ કર્યો હતો.







રૂપાલાની વિવાદી ટીપ્પણી વિરોધ વડોદરા જિલ્લામાં, ક્ષત્રિયોએ હોબાળો મચાવી, કાળા વાવટા ફરકાવ્યાં

# પાદરામાં જશુ રાઠવાને ક્ષત્રિય સમાજે પ્રચાર અર્થે ગામમાં ના ઘુસવા દીધા





**છોટાઉદેપુર** મત વિસ્તારના ભાજપના ઉમેદવાર જશુભાઈ રાઠવા સહિત ભાજપના કાર્યકરોનો વિરોધ

(પ્રતિનિધી) વડોદરા, તા.28

રાજકોટ લોકસભા સીટથી ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ પર કરેલી ટિપ્પણી મામલે ભાજપ ડેમેજકંટ્રોલ કરી શક્યું નથી. ક્ષત્રિયોને સમજાવવા ભાજપ પ્રદેશના નેતાઓ નિષ્ફળ સાબિત થઈ રહ્યાં છે. ક્ષત્રિય આંદોલનની આગ નાના ગામડાંઓમાં પહોંચી રહી છે.

વડોદરાના પાદરામાં પરસોત્તમ રૂપાલાનો વિરોધ થયો છે. જશુભાઈ રાઠવાના ચૂંટણી પ્રચારમાં વિરોધ કરવામાં આવ્યો હતો. જશુભાઈને ગામમાં પણ ઘૂસવા દીધા ન હતા. ક્ષત્રિયોએ હોબાળો મચાવી, કાળા વાવટા ફરકાવ્યાં હતા.

પાદરાના જાસપુર ગામે યુવાનોએ વિરોધ કર્યો હતો. છોટા ઉદેપુર મત વિસ્તારના ભાજપના લોકસભા ઉમેદવાર જશુભાઈ રાઠવા સહિત ભાજપના કાર્યકરોનો વિરોધ કરાયો હતો.

આ બનાવની જાણ થતાં પાદરા પોલીસ દોડી આવી હતી, ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા દ્વારા લોકોને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે લોકોમાં ભાજપ સામે આક્રોશ વધી રહ્યો છે.

### રોડ શો માં વોર્ડ.13 ભાજપના પ્રમુખ નલીન પોથીવાલનું પાકીટ ચોરાયું

(પ્રતિનિધિ ) વડોદરા તા.28

લોકસભાની ચૂંટણીના પ્રચાર માટે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રીના ભવ્ય રોડમાં ભાજપના વોર્ડ નંબર 13 પ્રમુખનું પાકીટ કોઈ ખીસ્સા કાતરું મારી લીધી હતું. જેમા એટીએમ, ક્રેડિટકાર્ડ અને રોકડ રકમ હતી.

લોકસભાની ચૂંટણીની જાહેરા થઈ ચૂકી છે ત્યારે વડોદરાના ઉમેદવાર એવા ડો.હેમાંગ જોષીના પ્રચાર માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવ્યા હતા અને ભવ્ય રોડ યોજ્યો હતો. પોલીસના ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મંત્રી સહિતના મહાનુભાવો સાથે સ્થાનિક નેતાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કાર્યકરો સહિતના મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હોય ખીસાકાતરુ ગેંગ પણ સક્રિય બની હતી. જેમાં ગૃહમંત્રીના જોડાયેલા ભાજપના વોર્ડ નંબર 13ના પ્રમુખ નલિન પોથીવાલનું પાકીટ ચોરાયું હતું. પાકીટમાં 1200 ઉપરાંત ક્રેડિટાકાર્ડ, એટીએમકાર્ડ સહિત કિંમતી આઈડી હોવાનું જાણવા મળ્યુ છે.

પાર્સલો, મુસાફરખાનું, વાહન પાર્કિંગ તથા પેસેન્જરોના સામાનની તપાસ

# આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોલીસનું રેલવે સ્ટેશન પર ચેકિંગ

**પોલીસ અધિક્ષક** સરોજકુમારીની સૂચનાથી કાર્યવાહી હાથ ધરાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને બોમ્બ બ્લાસ્ટ તથા ટ્રેનોમાં માદક પદાર્થો, હથિયારો, પ્રતિબંધિત ચીજ વસ્તુની હેરાફેરી ના થાય માટે જીઆરપી દ્વારા રેલવે સ્ટેશન પર ચેકિંગ કરાયું હતું. જેમાં પાર્સલો, શંકાસ્પદ પેસેન્જરોનો સામાન તથા મુસાફરખાના તથા વાહન પાર્કિંગ સહિતની જગ્યા પર તપાસ કરાઇ હતી. પરંતુ કાંઇ વાંધાજનક વસ્તુ મળી આવી ન હતી.

વડોદરા પશ્ચિમ રેલવેમાં દોડતી ટ્રેનમાં છુપી રીતે ગેરકાયેદ માદક પદાર્થો, હથારો, પ્રતિબંધિત ચીજવસ્તુઓની હેરાફેરી થતી હોય છે. ત્યારે આગામી લોકસભાની ચૂંટણીને



ધ્યાનમાં રાખીને બોમ્બ બ્લાસ્ટ તથા ગેરકાયેદ વસ્તુઓ હેરાફેરી રોકવા માટે પશ્ચિમ રેલવે પોલીસ અધિક્ષક સરોજકુમારી દ્વારા ચેકિંગ કરવા સૂચના આપી હતી. જેના આધારે વડોદરા રેલવે સ્ટેશન વિસ્તારમાં પોલીસ સહિત એસઓજી, એલસીબી, ક્યુઆરટી અને બીડીડીએસના કર્મચારીઓ દ્વારા બોડીવોર્ન કેમેરા તથા એચએચએમડી દ્વારા સ્પેશિલ પાર્સલ ચેકિંગની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં પ્લેટફાર્મના, પોસ્ટ ઓફિસ પાર્સલો, શંકાસ્પદ જણાઇ આવેલા પેસેન્જરોના માલસામાનની બેગેજ સ્કેનર તથા મેન્યુઅલી ચેકિંગ કરાયું હતું.

ગોધરાથી પશુઓ ભરી ટેમ્પો સુરત જતો હતો, પશુઓ મોકલનાર તથા મંગાવનાર વોન્ટેડ જાહેર

# કલતના ઈરાદે લઈ જવાતા 18 પશુઓને બચાવી લેવાયા

**પોલીસે,** ટેમ્પો અને મોબાઇલ મળી 7.85 લાખના મુદ્દામાલ સાથે ચાલકની ધરપકડ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.28

ગોધરાથી પશુઓ ટેમ્પામાં ભરીને સુરત ખાતે કતલના ઈરાદે લઈ જતા ચાલકને જીવદયા કાર્યકરોની મદદથી હરણી પોલીસે ગોલ્ડન ચોકડી પાસેથી ઝડપી પાડ્યો હતો. ટેમ્પામાં તપાસ કરતા ઘાસચારા તથઆ પાણી સુવિધા વિના ખીચોખીચ બાંધેલા 18 પશુઓ મળી આવ્યા હતા. જેથી પોલીસે, ટેમ્પો અને મોબાઈલ મળી 7.85 લાખનો મુદ્દામાલ સાથે ચાલકની ધરપકડ કરી હતી. જ્યારે પશુ ભરી મોકલનાર તથા મંગાવનાર વોન્ટેડ જાહેર કર્યા છે.

વાઘોડિયા રોડ પર ગાયત્રી મંદિર સામે બિન ફિલ્ડ સોસાયટીમાં રહેતા અંકિતકુમાર જેનનકુમાર ખાસ જીવદયા સમિતિમાં સભ્ય છે તેઓ 27 અપ્રેલિના રોજ રાત્રીના એક વાગ્યના અરસામાં અન્ય કાર્યકર સતિષભાઈ સનાભાઈ પરમાર તથા જીતેન્દ્રભાઈ ઓમપ્રકાશભાઈ ચૌધરી સાથે શનિવારે રાત્રીના એક વાગ્યાની આસપાસ પાપાગઢ માતાજીના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. દર્શન કરીને હાથોલ મેઈન સેડ ગોલ્ડન ટોલનાકા પાસે પરત આવ્યા હતા. ત્યારે એક ટેમ્પામાં પશુઓ ભરેલા હોવાની શંકા જતા તેઓએ તાત્કાલીક 100 ઉપર ફોન કરતા પોલીસની ગાડી આવી ગઇ હતી. જેથી પોલીસ સાથે મળીને ગોલ્ડન ટોલનાકા પાસે ટેમ્પો ઉભી રખાવી ડ્રાઈવરને ટેમ્પામાં શુ છે તેવું પુછતા પશુઓ હોવાનુ જણાવ્યું હતુ. જેથી પોલીસે તેની પાસે



પશુઓની હેરાફેરીનું પરમિટ માગતા ન હતું. જેથી હરણી પોલીસે મોહસીન યુસેન બુમલા (રહે. સાતપુલ વેજલપુર રોડ ગોધરા જી.પંચમહાલ) ને સાથે રાખીને આઈસર ટેમ્પામાં પાછળ તપાસ ખીચો ખીચ બાંધેલી 16 ભેંસો અને બે નાની પાડી મળી કુલ 18 પશુઓ ભરેલા હતા. ઉપરાંત પશુઓને ખાવા માટે ચારો, પાણી કે હવા ઉજાસની કોઈ વ્યવસ્થા રાખી ન હતી. જેથી પશુઓને દરજીપુરા પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. જીવદયા કાર્યકરની ફરિયાદના આધારે હરણી પોલીસે 18 પશુઓ રૂ. 3.30 લાખ, આઈસર ટેમ્પો રૂ.4.50 લાખ અને મોબાઈલ મળી રૂ.7.85 લાખના મુદ્દામાલ સાથે ચાલકની ધરપકડ કરી પશુ મોકલનાર ઈકબાલ મહંદ ભોચુ (રહે ગોધરા) તથા મંગાવનારને વોન્ટે જાહેર કર્યા છે. ઉલ્લેખનીય છે કે ચાલકે ગોધરા મસ્જિદ પાસેથી ટેમ્પામાં પશુઓ ભરીને કતલના ઈરાદે સુરત ખાતે લઈ જતો હોવાનુ જાણવા મળ્યું છે.

વડીવાડી વિસ્તારમાં નાસ્તાની લારી ચાલુ કરવા મુદ્દે મારામારી

# 'મારી બાજુમાં લારી લગાવતો નહીં' કહી વેપારીએ યુવકને ઢોર માર માર્યો

**બાઇક પર** સમતા ગ્રાઉન્ડમાં લઇ જતી વેળા લોકોએ રોકી લેતા બચી ગયો નહીતર સામાન્ય બાબતમાં સચિન ઠક્કર હત્યા કેસ જેવી ઘટના સર્જાત

(પ્રતિનિધિ) વડોદરા તા.28

શહેરના વડીવાડી વિસ્તારમાં નાસ્તાની લારી ચાલુ કરવાનું કહેતા યુવકને ત્યાં ધંધો કરતા વેપારીએ તારે મારી બાજુના ધંધો શરુ કરવાનો નથી તેમ કહી સાગરીત સાથે મળીને ઢોર માર માર્યો હતો. પરંતુ આસપાસના લોકો વચ્ચે પડી યુવકને બચાવી લીધો હતો. કારણ કે માર મારનાર એટલા ઝનુની હતા કે સચિન ઠક્કર હત્યા કેસની બીજી ઘટના બની જાત. બહેને દોડી આવીને ભાઈને સારવાર માટે ખસેડી ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના વડસર રોડ પર આવેલા યજ્ઞપુરુષ ડુપ્લેક્સમાં રહેતા શક્તિસિંહ નરેન્દ્રસિંહ ચૌહાણ (ઉં. વ.37) વડીવાડી ફાયર સ્ટેશન પાસે રોડની સાઈડની નાસ્તાની લારીની ચાલુ કરવા માટે જગ્યા જોવા માટે ગયો હતો. દરમિયાન ફાયર સ્ટેશન પાસે આવેલી બાપુ મેગીવાળો વેપારી યુવરાજે તુ મારી બાજુમાં લારી લગાવતો નહી તેમ કહીને ઝઘડો કર્યો હતો. દરમિયાન વાસ્વત આમલેવાળા શૈલેષભાઈનો ફોન આવ્યો હતો કે તમે યુવરાજ સાથે માથાકુટ કરશો નહી તે મારો મિત્ર થાય છે. જેથી શક્તિ ત્યાંથી બાઈક લઈને યુવક સેવ ઉસળની લારી પર નાસ્તો કરવા માટે બેઠો હતો. ત્યારે યુવરાજ તથા તેના મિત્ર રાજા ત્યાં ગયા હતા અને શકિતને ગાળો આપી આજે તો તને જાનથી મારી નાખીશુ તેમ કહી ઢોર માર મારી બેભાન જેવો કરી નાખ્યો હતો. ત્યારબાદ બંને હુમલાખોર તેને બાઈક પર બેસાડી સમતા ગ્રાઉન્ડ પાસે લઈ જતા હતા. પરંતુ આજુબાજુમાં ધંધો કરતા વેપારીઓએ તેને લઈ જતા રોક્યો હતો.

કોઈએ શક્તિની બહેન પ્રતિમામ પટેલને જાણ કરતા તેમણે તાત્કાલિક દોડી આવી ભાઈને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડયો હતો. યુવકની બહેને ગોરવા પોલીસ સ્ટેશનમાં માર મારનાર બંને શખ્સો સામે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ઘાંઘરેટિયામાં પીસીબીએ રેડ કરી 7.04 લાખનો દારૂ પકડતા પોલીસ ઉંઘતી ઝડપાઇ હતી

# મકરપુરામાં દારૂનો ધંધો કરતો બુટલેગર વિપુલ પંચાલ હજુ પકડાયો નથી..!

**ઘટનાને** ચાર દિવસ થઇ ગયા છતાં બુટલેગર પોલીસને હંફાવી રહ્યો છે

(પ્રતિનિધિ) વડોદરા તા.28

મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ઘાંઘરેટિયામાંથી પીસીબીએ દારૂ સહિત બે જણાને ઝડપી પાડ્યા હતા. પરંતુ ચાર દિવસ થયા તેમ છતાં હજુ સુધી મુખ્ય આરોપી લિસ્ટેડ બુટલેગર પોલીસના હાથમાં કેમ આવતો નથી તેવા અનેક સવાલ ઉભા થઈ રહ્યા છે ? મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ઘાંઘરેટિયા કૃષ્ણનગર સરકારી સ્કુલ પાસે રહેતો બૂટલેગર વિપુલ પંચાલ ઘણા સમયેથી દારૂનો ધંધો કરે છે. બુટલેગર બાજુમાં એક મકાન ભાડે રાખી તેમાં દારૂનો સ્ટોક કરતો અને 500 રૂપિયા રોજ પર નોકરી રાખી દારુનું વેચાણ કરતો હતો. જાણે દારૂ થતુ વેચાણ જાણે દાખતુ ન હોય તેમ પીઆઈ અને સ્ટાફ કુંભકર્ણની નિદ્રામાં ઉંઘતો હોય તેમ પીસીબીની ટીમે રેડ કરીને 7.04 લાખનો વિદેશી દારૂનો જથ્થા સાથે પગારદાર બે શખ્સનો ઝડપી પાડ્યા હતા.. જ્યારે બુટલેગર વિપુલ પંચાલને વોન્ટેડ જાહેર કર્યો હતો. પીસીબીએ રેડ કરતા મકરપુરા પોલીસનું નાક કપાઈ ગયું હતું. ત્યારે દારૂ સહિત બે આરોપી પકડાયાને ચાર દિવસ થવા આવ્યા છતાં હજુ બુટલેગર વિપુલ પંચાલ હજુ સુધી પોલીસને ગોળગોળ ફેરવી રહ્યો છે. બુટેલગર સામે 39 જેટલા ગુના નોંધાયેલા હોવા છતાં બિન્દાસ્ત રીતે કોના આશીર્વાદથી દારૂનો ધંધો કરતો હતો

### શહેરની ગલીઓમાં દારુનું બિન્દાસ્ત વેચાણ

વડોદરા શહેરના વિવિધ વિસ્તારમાં પોલીસ દ્વારા નાઇટ પેટ્રોલિંગ અને સઘન રીતે વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. તેમ છતાં કેટલાક વિસ્તારોમાં સાંજના સમયે દારૂ પીવા માટે મેળા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે રોડ પર વાહન ચેકિંગ કરી રહેલા પોલીસની વિવિધ ટીમોને શુ આ દારુનું વેચાણ થતુ જોવા મળતુ નથી ? કારેલીબાગ, કિશનવાડી, રાવપુરા, હરણી રોડ, ન્યુ વીઆઇપી રોડ પર સહિતના વિવિધ વિસ્તારોમાં રાતના બિન્દાસ્ત રીતે પોલીસના ડર વિના દારૂ વેચાઇ રહ્યો છે.

# જમનાબાઈ હોસ્પિટલમાંથી પોલીસની નજર ચુકવી કેબલ ચોર ભાગી ગયો

**ગભરામણ** થતી હોવાનું નાટક રચતા પોલીસ કર્મીઓ તેને સારવાર માટે લઇ ગયા હતા

(પ્રતિનિધિ) વડોદરા.28

શહેરના સયાજીપુરા ટાઉનશીપ ઉપવવિલામાં રહેતા રવિદ્રસિંહ સરદારસંતોકસિંહ મેહરસેક એરપોર્ટમાં AGME આસીસ્ટન્ટ જનરલ મેનેજર ઈલેક્ટ્રીકલમાં છેલ્લા પાંચ વર્ષથી વડોદરા એરપોર્ટ ખાતે ફરજ બજાવે છે. 27 એપ્રિલના સાંજના સમયે નોકરી પરથી ઘરે ગયો હતો. ત્યારે સિનિયર સુપ્રિડેન્ટન્ડ ભારીયા હરેશબાબુ વાલસિંગભાઈએ તમને ફોન કરી જાણ કરી હતી કે કાર્તિક ગુલાબસિંહ ચૌહાણ તથા રુચિત અનિલભાઈ પટેલે એક શખ્સ કેબલ કાપતા પકડીને પવાર હાઉસમાં લઈ આવ્યા છે. હરણી પોલીસ પુછપરછ કરતા રોહિત રમેશભાઈ ગોહિલ ( રહે. રીફાઈનરી રોડ જલારામ મંદીર જવાહરનગર વડોદરા) હોવાનુ જણાવ્યું હતું પોલીસ સ્ટેશનમાં તેણે તેને ગભરામણ તેમજ ઉલ્ટી ચક્કર આવે છે અને મને માર માર્યો હોવાનું કહેતા સારવાર માટે. હેડ.કોન્સ્ટેબલ લાલસિંગભાઈ જમનાબાઈ હોસ્પીટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. પરંતુ સારવાર મળે તે પહેલા ચોર જમનાબાઈ હોસ્પીટલમાંથી પોલીસની નજર ચુકવી ભાગી ગયો હતો. જેથી હરણી પોલીસે તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### પાવર હાઉસ પાછળથી 3.50 લાખના કેબલની ચોરી, એક તસ્કર સીસીટીવીમાં કંડારાયો

અગાઉ એરપોર્ટમાં પાવર હાઉસની પાછળ રન વેનો કોપર કેબલનુ ડ્રમ પડેલુ હતું. પરંત પાછળ કર્મચારીઓની અવજવર ઓછી હોવા કારણે તસ્કરો ડ્રમમાંથી કેબલની ચોરી કરતા હતા.જેમાં અત્યાર સુધીમાં આશરે રુપિયા 3.16 લાખનો 13.75 મીટર કેબલની ચોરી થઇ હોવાનું જાણવા મળ્યું છે. જેથી એરપોર્ટ સત્તાધીશોએ ત્યાં લગાવેલા સી.સી.ટી.વી.કેમેરા ચેક કરવામાં આવ્યા હતા. જેમાં એક શખ્સ કેબલની ચોરી કરી લઇ જતો કેમેરામાં કડારાઇ ગયો હતો.

# મે મહિનામાં વધુ રજાઓ, બેંક અને સરકારી કચેરીઓ બંધ

(પ્રતિનિધિ) વડોદરા.28

નાણાકીય વર્ષ 2024-25 નો પ્રથમ મહિનો, એપ્રિલ, તેના છેલ્લા તબક્કામાં છે. જો તમારી પાસે આવતા મહિને બેંક સંબંધિત કોઈ કામ છે, તો તમે જાણી લો મે 2024માં બેંકો કેટલા દિવસ બંધ રહેશે. બેંક એક આવશ્યક નાણાકીય સંસ્થા છે. આવી સ્થિતિમાં, જો તમારે આગામી મહિનામાં બેંક સંબંધિત કોઈ મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરવું હોય, તો તમારે ભારતીય રિઝર્વ બેંકની રજાઓની સૂચિ તપાસવી જોઈએ.આના કારણે તમારે પછીથી કોઈપણ પ્રકારની સમસ્યાનો સામનો કરવો નહીં પડે. મે 2024માં બેંકોની પુષ્કળ રજાઓ છે. મે મહિનામાં મહારાષ્ટ્ર દિવસ, લોકસભા ચૂંટણી, અક્ષય તૃતીયા, બુદ્ધ પૂર્ણિમા વગેરેને કારણે બેંકો કુલ 14 દિવસ બંધ રહેશે. જેમાં શનિવાર અને રવિવારની રજાઓનો પણ સમાવેશ થાય છે. અમે તમને મે મહિનામાં આવતી રજાઓ વિશે જણાવી રહ્યા છીએ.

1 મે, 5 મે, 7 મે, 8 મે, 10 મે, 11 મે, 12 મે, 13 મે, 16 મે, 19 મે, 20 મે, 23 મે, 25 મે, 26 મે 2024 રવિવારના કારણે બેંકો બંધ રહેશે.

બેંકોમાં વારંવાર રજાઓના કારણે ગ્રાહકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે પરંતુ બેંકોની બદલાતી ટેક્નોલોજીના કારણે હવે કામ થોડું સરળ બન્યું છે. બેંક રજાઓ પર તમે રોકડ ઉપાડ માટે ATM નો ઉપયોગ કરી શકો છો.